# જોઈએ છે.

શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર ખાતે ૧૧ માસ માટે તદ્દન હંગામી / કરાર આધારિત ધોરણે તથા રોજમદાર ધોરણે શૈક્ષણિક, વહિવટી /ટેકનિકલ કામ માટેની હંગામી જગ્યા માટે ઓનલાઈન અરજીઓ વિના મૂલ્યે મંગાવવામાં આવે છે. રસ ધરાવતા ઉમેદવારએ તા.૨૯/૦૫/૨૦૨૫ થી તા.૦૭/૦૬/૨૦૨૫ ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. વિસ્તૃત માહિતી કોલેજની વેબસાઈટ www.vacc.ac.in પર ઉપલબ્ધ છે.

ક્રમાંક : જાવક / જાહેરાત /૨૧/૨૦૨૫–૨૬

તા. ૨૮/૦૫/૨૦૨૫

સહિ
પ્રમુખશ્રી
એમ.એસ.વી.એસ. કેળવણી મંડળ
ધરમપુર

પ્રમુખશ્રી
એમ.એસ.વિ.એસ.કેળવણી મંડળ
ધરમપુર

શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર ખાતે ૧૧ માસ માટે તદન હંગામી / કરાર આધારિત ધોરણે તથા રોજમદાર ધોરણે શૈક્ષણિક, વહિવટી /ટેકનિકલ કામ માટેની હંગામી જગ્યા માટે ઓનલાઈન અરજીઓ વિના મૂલ્યે મંગાવવામાં આવે છે. રસ ધરાવતા ઉમેદવારએ તા.૨૯/૦૫/૨૦૨૫ થી તા.૦૭/૦૬/૨૦૨૫ ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.

## જોઈએ છે ૧૧ માસ માટે તદન હંગામી / કરાર આધારિત તથા રોજમદાર

### શૈક્ષણિક સ્ટાફ : (ટીચીંગ આસિસ્ટન્ટ)

| ક્રમ | વિષય | લાયકાત |
|---|---|---|
| ૧ | ગુજરાતી | અનુસ્નાતક કક્ષાએ ૫૫ % સાથે NET/GSET/Phd. |
| ૨ | હિન્દી | અનુસ્નાતક કક્ષાએ ૫૫ % સાથે NET/GSET/Phd. |
| ૩ | અંગ્રેજી | અનુસ્નાતક કક્ષાએ ૫૫ % સાથે NET/GSET/Phd. |
| ૪ | સંસ્કૃત | અનુસ્નાતક કક્ષાએ ૫૫ % સાથે NET/GSET/Phd. |
| ૫ | અર્થશાસ્ત્ર | અનુસ્નાતક કક્ષાએ ૫૫ % સાથે NET/GSET/Phd. |
| ૬ | કોમર્સ / વાણિજય વ્યવસ્થા | અનુસ્નાતક કક્ષાએ ૫૫ % સાથે NET/GSET/Phd. |
| ૭ | કોમર્સ / નામાનાં મૂળતત્વો | અનુસ્નાતક કક્ષાએ ૫૫ % સાથે NET/GSET/Phd. |
| ૮ | સમાજશાસ્ત્ર | અનુસ્નાતક કક્ષાએ ૫૫ % સાથે NET/GSET/Phd. |
| ૯ | શારિરીક શિક્ષણ | અનુસ્નાતક કક્ષાએ ૫૫ % સાથે NET/GSET/Phd. |

### બિન શૈક્ષણિક સ્ટાફ(વહિવટી/ટેકનિકલ) :

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | લાયકાત |
|---|---|---|---|
| ૧ | લાયબ્રેરીયન | ૦૧ (પુ.૧) | M.LIB (કોમ્પ્યૂટરનું જ્ઞાન ધરાવતા તથા અનુભવ ઈચ્છનીય) |
| ૨ | એકાઉન્ટન્ટ | ૦૨ (પુ.૧,સ્ત્રી.૧) | સ્નાતક– બી.એ./બી.કોમ (ટેલીનું જ્ઞાન ધરાવતા તથા અનુભવ ઈચ્છનીય) |
| ૩ | કોમ્પ્યુટર ઓપરેટર | ૦૩ (પુ.૨,સ્ત્રી.૧) | સ્નાતક(બી.એ./બી.કોમ/બી.સી.એ)/ડીગ્રી, ડીપ્લોમાં (કોમ્પ્યુટર જાણકાર અને ગુજરાતી–અંગ્રેજી ટાઈપીગ જાણકાર) |
| ૪ | પટાવાળા | ૦૪ (પુ.૩,સ્ત્રી.૧) | ધોરણ–૧૦ પાસ(ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ) |
| ૫ | વોચમેન / માળી | ૦૨ (પુ.૨) | ધોરણ–૦૮ પાસ |
| ૬ | સ્વીપર (ફુલ ટાઈમ) | ૦૨ (પુ.૧,સ્ત્રી.૧) | લખી વાંચી શકે |
| ૭ | સ્વીપર (પાર્ટ ટાઈમ) | ૦૧ (પુ.૧) | લખી વાંચી શકે |
| કુલ | | ૧૫ (પુ.૧૧ + સ્ત્રી.૪) | |

એમ.એસ.વિ.એસ.કેળવણી મંડળ
ધરમપુર

## ૧૧ માસ માટે તદ્દન હંગામી / કરાર આધારિત ધોરણે તથા રોજમદાર ધોરણે શૈક્ષણિક, વહિવટી /ટેકનિકલ કામ માટેની હંગામી જગ્યા માટે ઉમેદવારોએ અરજી કરવા માટેની સૂચનાઓ

૧. ૧૧ માસ માટે તદ્દન હંગામી / કરાર આધારિત ધોરણે તથા રોજમદાર ધોરણે શૈક્ષણિક સ્ટાફ (ટીચીંગ આસિસ્ટન્ટ) તરીકે અરજી કરનાર ઉમેદવારો પૈકી Government, UGC, AICTE, Delhi or any other apex body if applicable અને VNSGU – SURAT ના ન્યુનત્તમ ધારા ધોરણ પ્રમાણે ડિગ્રી અને લાયકાત ધરાવનાર ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. જો UGC ના નિયમાનુસારની લાયકાત ધરાવતા ઉમેદવાર પ્રાપ્ત ન થાય તો અનુસ્નાતક કક્ષાએ ૫૫% (અથવા પોઈન્ટ સ્કેલમાં સક્ષમ ગ્રેડ જયાં ગ્રેડિંગ સિસ્ટમ અનુસરવામાં આવે છે.) ધરાવતાં ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે.

૨. ૧૧ માસ માટે તદ્દન હંગામી / કરાર આધારિત ધોરણે તથા રોજમદાર ધોરણે શૈક્ષણિક સ્ટાફ (ટીચીંગ આસિસ્ટન્ટ) / બિન શૈક્ષણિક સ્ટાફ(વહિવટી/ટેકનિકલ) તરીકે પસંદગી પામનાર ઉમેદવારોને માસિક ફિક્સ મહેનતાંણુ તથા નિમણૂંક પત્ર કોલેજના સત્તા મંડળના નિર્ણય અનુસાર આપવામાં આવશે.

૩. ખાલી/ વધારાના કાર્યભાર માટે કોલેજના નિયમોને આધિન જે તે ઉમેદવારોની નિયત સમય માટે સેવા લેવામાં આવશે.

૪. ઉમેદવારે સંબંધિત પોસ્ટ (જગ્યા) સંદર્ભે અરજીપત્રકની કોપી જરૂરી લાયકાત, અનુભવ, ઉંમર તેમજ અન્ય વધારાની લાયકાતો અંગેના પુરાવાની ખરી નકલ જયારે ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે ત્યારે રજૂ કરવાના રહેશે.

૫. ઈન્ટરવ્યુ સંદર્ભે ઉમેદવારોએ કોલેજનો સંપર્ક કરવો નહિ અથવા ફોન કે પુછપરછ કરવી નહિ.

૬. ઈન્ટરવ્યુ અંગેની માહિતી કોલેજની વેબસાઈટ www.vacc.ac.in પર મુકવામાં આવશે.

૭. ઉમેદવારે સ્વખર્ચે ઈન્ટરવ્યુમાં હાજર થવાનું રહેશે.

૮. પ્રત્યક્ષ અથવા પરોક્ષ દાબદબાણ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવવાને પાત્ર છે.

૯. શૈક્ષણિક સ્ટાફે(ટીચીંગ આસિસ્ટન્ટ) લેકચર(પિરીયડ) ઉપરાંત પ્રવેશ, પરીક્ષા, પરીણામ, પાઠયક્રમ અને પ્રાયોગિક પ્રવૃત્તિ, સહ અભ્યાસ પ્રવૃત્તિ અને વિવિધ કામગીરી જે સંસ્થાના વડાશ્રી/ વિભાગીય વડાશ્રી/ કો–ઓર્ડિનેટર/ આચાર્યશ્રી/ પી.જી. ઈન્ચાર્જ અને કોલેજ સંબંધિત અધિકારી દ્વારા સોંપવામાં આવશે તે કરવાની રહેશે.

૧૦. બિન શૈક્ષણિક સ્ટાફે (વહિવટી/ટેકનિકલ) ઓફિસવર્ક ઉપરાંત વર્ગખંડ, પ્રવેશ, પરીક્ષા, પરીણામ, પાઠયક્રમ અને પ્રાયોગિક પ્રવૃત્તિ, સહ અભ્યાસ પ્રવૃત્તિ અને પોસ્ટ મુજબ વિવિધ કામગીરી જે સંસ્થાના વડાશ્રી/ વિભાગીય વડાશ્રી/ કો–ઓર્ડિનેટર/ આચાર્યશ્રી/ પી.જી. ઈન્ચાર્જ અને કોલેજ સંબંધિત અધિકારી દ્વારા સોંપવામાં આવશે તે કરવાની રહેશે.

પ્રમુખશ્રી
એમ.એસ.વિ.એસ.કેળવણી મંડળ
ધરમપુર

૧૧. પસંદગી પામેલા ઉમેદવારે ૧૧ માસ માટે તદન હંગામી / કરાર આધારિત ધોરણે તથા રોજમદાર ધોરણે શૈક્ષણિક સ્ટાફ (ટીચીંગ આસિસ્ટન્ટ) / બિન શૈક્ષણિક સ્ટાફ (વહિવટી/ટેકનિકલ) તરીકે કોલેજ નિર્ધારીત કરારનામું રૂા. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર (નોટરી સહિત)પર કરવાનું રહેશે.

૧૨. પસંદગી પામેલા ઉમેદવારોને નકકી કરેલ આર્થિક વળતર સિવાય કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહિ. મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત તેમજ પ્રોવિડન્ટ ફંડ અથવા પગારપંચના બીજા લાભો કે અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહિ.

૧૩. પ્રતિમાસ એકના ધોરણે પરચૂરણ રજા મળવાપાત્ર થશે. રજા કોલેજના આચાર્ય પાસે અગાઉ થી મંજુર કરાવવાની રહેશે અને તેની જાણ વિભાગીય વડાને કરવાની રહેશે.

૧૪. જાહેરાતની તારીખના રોજ ઉમેદવારની ઉંમર–૧૮ વર્ષ પૂર્ણ થયેલા હોવા જોઈએ.

૧૫. જાહેરાતની તારીખના રોજ ઉમેદવાર શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઈએ.

૧૬. કરારનો સમય પુરો થતા કરાર આપોઆપ રદ થયેલ ગણાશે. કરારના અંતે કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. સમીક્ષાના અંતે આપની કામગીરી સંતોષકારક જણાશે તો કોલેજના સત્તા મંડળના નિર્ણય અનુસાર નવેસરથી કરાર કરશે, પરંતુ કરાર કરવા માટે ઉમેદવારે નવેસરથી અરજી કોલેજના આચાર્યશ્રીને કરવાની રહેશે.

૧૭. ઉમેદવારના પક્ષે કરારનો અંત લાવવા માટે એક માસની નોટીસ આપવાની રહેશે.

૧૮. ૧૧ માસ માટે તદન હંગામી / કરાર આધારિત ધોરણે તથા રોજમદાર ધોરણે શૈક્ષણિક સ્ટાફ (ટીચીંગ આસિસ્ટન્ટ) / બિન શૈક્ષણિક સ્ટાફ(વહિવટી/ટેકનિકલ) તરીકે પસંદગી પામનાર ઉમેદવારોએ કોલેજ ખાતે નિર્ધારિત સમય મુજબ ફરજિયાત ફરજ બજાવવાની રહેશે.

પ્રમુખશ્રી
એમ.એસ.વિ.એસ.કેળવણી મંડળ
ધરમપુર